| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૨૨/૧૦/૨૦૨૨ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૯૯/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની

તા.૨૧/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫ | ૩,૦૪,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## <u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૦૦/૨૦૨૨</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૨૩ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૬ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧૫૪ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## <u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૦૧/૨૦૨૨</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યકિતઓની અટકાયત કરી હતી.

## <u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૦૨/૨૦૨૨</u>

**મણિનગરઃ** કલાબહેન ડો/ઓ કુલશંકર મહેતા(ઉ.વ.૭૦)(રહે, શ્રીગોવીંદ એપાર્ટમેંટ વસંતવાડીની બાજુમાં વકીલવાડી મણિનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૦/૨૦૨૨ નાં કલાક ૧૧/૦૦ થી તા.૨૧/૧૦/૨૦૨૨ નાં કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાનાં મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટોમાંથી સોનાં-ચાદીનાં દાગીના અને રોકડા રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૨,૫૦૦/- મતાની ચોરી કરી લઇ નાસી ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

## <u>લુંટઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૦૩/૨૦૨૨</u>

**નરોડાઃ** કૌશલભાઇ નગીનભાઇ બારોટ (ઉ.વ.૩૫)(રહે.પ્રમુખનગર આર.સી.ટેકનીકલ રોડ ચાણક્યપુરી, ઘાટલોડીયા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૦/૨૦૨૨ ના કલાક ૦૦/૧૫ વાગ્યાના સુમારે નરોડા એસ.પી.રીંગ રોડ રણાસણ ટોલટેક્ષ પહેલા ટોલટેક્ષ પાર કરવા સારૂ કૌશલભાઇએ સીંગલ લાઇનમાં કાર લઇ જતા હતા દરમ્યાન એક બ્લ્યુ કલરની કાર નંબર જીજે.૦૧.બીઝેડ.૩૧૯૦ ના ચાલકે કૌશલભાઇની કારને ઓવરટેક કરવા જતા સામાન્ય અથડાઇ જતા કારના નુકશાન પેટે પૈસા આપવા બાબતે કારના ચાલક તથા તેની સાથે આવેલ ત્રણ અજાણ્યા ઇસમોએ ભેગામળી કૌશલભાઇને શરીરે ગડદાપાટુનો માર મારી, તેમના ખીસ્સામાંથી રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- તથા ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**<u>વિજ કરંટ લાગતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૦૪/૨૦૨૨</u>**

**સોલા હાઇકોર્ટઃ** અજયભાઇ અશોકભાઇ દાતણીયા (ઉ.વ.૨૯)(રહે.ભાગ્યલક્ષ્મી ડેરીના ખાંચામા ચાણકયપુરી સેકટર-૦૬ ઘાટલોડીયા) એ તા.૨૦/૧૦/૨૦૨૨ સાંજના ૭/30 વાગ્યાના સુમારે સોલા બ્રીજ ઉતરતા સત્યસુર્ય કોમ્પ્લેક્ષમાં આવેલા મહાલક્ષ્મી હીરોના શો-રૂમમા વીજ કરંટ લાગતા સારવાર અર્થે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા તા.૨૦/૧૦/૨૦૨૨ રાતના ૮/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિર્મલભાઇ ઇશ્વરભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૦૫/૨૦૨૨</u>**

**વાડજઃ** જતીનભાઇ લક્ષ્મણભાઇ પટેલ (ઉ.વ.૫૦)(રહે.તારકકુંજ સોસાયટી, વિજયનગર રેલ્વે ક્રોસીંગ પાસે, નવા વાડજ) એ અગમ્ય કારણસર ગતા.૨૧/૧૦/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુજી બાલસંગજી ચલાવે છે.

**નિકોલઃ** શિલ્પાબહેન જયેશભાઈ પરમાર (ઉ.વ.૩૪)(રહે.ડાયમંડ પાર્ક, ગાયત્રી સ્કૂલની બાજુમાં નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૦/૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતજી બાબુજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી